# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014


રેફ નં.

તા: ૦૧/૦૧/૨૦૧૭

તંત્રી શ્રી, ____________________

સુરત

જાત નીચેની પ્રેસ નોટઆપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## અનાવિલ સમાજના બ્રેઈનડેડ અપૂર્વ હરેશભાઈ દેસાઈના

## અંગોનું દાન કરી દેસાઈ પરિવારે સમાજને નવી દિશા બતાવી માનવતાની મહેક પ્રસારી

નામ : અપૂર્વ હરેશભાઈ દેસાઈ ઉ. વ. ૪૩ બ્લડ ગ્રુપ: O +VE

સ્માર્ટ ઈન્ફોટેકના નામથી કોમ્પ્યુટર સ્ટેશનરીનો વ્યવસાય સાથે કરતા હતા.

રહેવાસી: બંગલા નં-4, જવાહર સોસાયટી,જૂની બોમ્બે માર્કેટની સામે, ઉમરવાડા, સુરત.

મૂળ રહેવાસી : ગામ: ખારા અબ્રામા, નવસારી

કૌટુંબિક વિગત : પિતા: હરેશભાઈ હરિપ્રસાદ દેસાઈ ઉ. વ. ૭૬

માતા: પુષ્પાબેન હરેશભાઈ દેસાઈ ઉ.વ. ૭૫

કાકા: ૧. મુકુંદરાય હરિપ્રસાદ દેસાઈ ઉ.વ. ૭૦

૨. ભરતભાઈ હરિપ્રસાદ દેસાઈ ઉ.વ. ૬૮

૩. કમલેશભાઈ હરિપ્રસાદ દેસાઈ ઉ.વ. ૬૧

કઝીન બ્રધર: નિરવ ભરતભાઈ દેસાઈ ઉ.વ. ૩૬

બેન: પ્રીતિ હરેશભાઈ દેસાઈ ઉ.વ. ૩૬ (USA)

૨....

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



બનાવની વિગત:

ગુરૂવાર ૨૯ ડીસેમ્બર, ૨૦૧૬ ના રોજ સવારે ૭:૩૦ કલાકે બ્રશ કરતી વખતે અપૂર્વભાઈને એકાએક ચક્કર આવતા પડી ગયા હતા અને પેરાલીસીસનો હુમલો થતા તેમને મહાવીર ટ્રોમા હોસ્પીટલમાં ન્યુરોફીજીશ્યન ડૉ.અનિરુધ્ધ આપ્ટેની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા. નિદાન માટે CT સ્કેન કરાવતા તેમાં બ્રેઈન હેમરેજ હોવાનું અને મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. ન્યુરોસર્જન ડૉ. કે.સી જૈને ક્રેન્યોટોમી કરી મગજમાં જામેલો લોહીનો ગઠ્ઠો દુર કર્યો હતો.

શુક્રવાર ૩૦ ડીસેમ્બર, ૨૦૧૬ ના રોજ ન્યુરોફીજીશ્યન ડૉ.અનિરુધ્ધ આપ્ટે, ન્યુરોસર્જન ડૉ. કે.સી જૈન, અને ઈન્ટેન્ટસીવીસ્ટ ડૉ. આલોક શાહે અપૂર્વભાઈને બ્રેઈનડેડ જાહેર કર્યા.

ન્યુરોફીજીશ્યન ડૉ.અનિરુધ્ધ આપ્ટેએ ડોનેટ લાઈફના પ્રમુખ શ્રી નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી અપૂર્વભાઈના બ્રેનડેડ અંગેની જાણકારી આપી.
ડોનેટ લાઈફની ટીમે હોસ્પીટલ પહોંચી અપૂર્વભાઈના કાકા શ્રી ભરતભાઈ, કઝીન બ્રધર નીરવ અને બનેવી મિહિરભાઈ અને પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

અપૂર્વભાઈના કઝીન બ્રધર નીરવભાઈ, કાકા શ્રી ભરતભાઈ, બનેવી મિહિરભાઈ અને પરિવારના અન્ય સભ્યોએ જણાવ્યું કે અમારું સ્વજન બ્રેઈનડેડ  છે  અને તેમના અંગોના દાન થકી ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવુ જીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કૉ.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. પ્રાંજલ મોદી અને તેમની ટીમે આવી કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું. જયારે ચક્ષુઓનું દાન અર્પણ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટના ડૉ. મીનાબેન પડિયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલ એક કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદના રહેવાસી જય હિતેન્દ્રકુમાર લીંબાણી ઉ.વ. ૧૬માં અને બીજી કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદના રહેવાસી પ્રદીપસિંઘ એસ. શેખાવત ઉ.વ. ૧૪માં કરવામાં આવ્યું છે. જ્યારે લીવરનું ટ્રાન્સપ્લાન્ટ મહેમદાબાદના રહેવાસી મીનેશ દિનેશભાઈ પટેલ ઉ.વ. ૪૧માં કરવામાં આવ્યું છે.

આ બન્ને કિડની અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડૉ. પ્રાંજલ મોદી, ડૉ જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

3...

Nilesh Mandlewala
President
+91 98256 09922

Sandeep Kumar, IRS
Vice President
+91 81307 81031

Rakesh Jain
Hon. Secretary
+91 98241 10349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં અપૂર્વભાઈના પિતાશ્રી હરેશભાઈ, કાકા શ્રી ભરતભાઈ, કઝીન બ્રધર નીરવ, બનેવી મિહિરભાઈ, ન્યુરોસર્જન ડૉ. કે.સી. જૈન, ન્યુરોફીજીશ્યન ડૉ. અનિરુધ્ધ આપ્ટે, ઈન્ટેન્ટસીવીસ્ટ ડૉ. આલોક શાહ, મહાવીર ટ્રોમા હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખ શ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી શ્રી હેમંત દેસાઈ, CEO નીરવ માંડલેવાલા અને પ્રોગ્રામ ઓફિસર સુભાષ જોધાણી અને યોગેશ પ્રજાપતિનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૧૮૨ કિડની, ૬૭ લીવર, ૪ પેન્ક્રીઆસ, ૭ હૃદય અને ૧૫૮ ચક્ષુઓનો દાન મેળવીને ૪૧૭ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

ગુજરાતમાં સૌ પ્રથમ વખત આ વર્ષમાં એટલે કે જાન્યુઆરી ૨૦૧૬ થી ૩૧મી ડિસેમ્બર ૨૦૧૬ સુધીમાં અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) માં ૧૦૩ કેડેવરિક કિડની ટ્રાન્સપ્લાન્ટ થયા છે જેમાંથી ૪૭ કેડેવરિક કિડની સુરત દ્વારા ડોનેટ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે છેલ્લાં એક વર્ષ દરમિયાન સુરતમાંથી બ્રેઈનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી ડોનેટ લાઈફ દ્વારા ૪૭ કિડની, ૨૨ લીવર, ૧ પેન્ક્રીઆસ, ૬ હૃદય અને ૪૬ ચક્ષુઓનો દાન મેળવીને ૧૨૧ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.